BUSINESS મિત્ર

નિફ્ટી 22550 પાર, હવે RBIની વ્યાજદર નીતિ પર રોકાણકારોની નજર

શેરબજારમાં બાઉન્સબેક: સેન્સેક્સ 472 પોઈન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: ભારતીય શેરબજારમાં સતત વેચવાલીને બ્રેક વાગી હતી અને સપ્તાહની શરૂઆતમાં સુધારા સાથે થઇ હતી. જેના લીધે નિફ્ટી 22550 પોઇન્ટની સપાટી કુદાવી હતી. ચાલુ સપ્તાહના અંતમાં રિઝર્વ બેન્કનો ઇન્ડિયાની આગામી નાણાકીય નીતિની બેઠકના પરિણામ પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. બજારના સહભાગીઓ વ્યાજદરોના ભાવિ માર્ગ પર સંકેતો માટે વૈશ્વિક ટ્રેઝરી યીલ્ડમાં હિલચાલ અને યુએસ ફેડરલ રિઝર્વના નીતિને ટ્રેક કરશે.

સેકટર વાઇઝ જોઇએ તો એફએમસીજી, કન્ઝયુમર ડયુરેબલ્સ અને પીએસયુ બેન્કના શેરમાં વધારો થયો હતો, જ્યારે ફાર્મા અને આઇટી શેરોમાં ઘટાડો નોંધાયો છે.

આરબીઆઇની બેઠકમાં વ્યાજદરો અંગેનો નિર્ણય ઉપર બજારની નજર રહેશે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ વખતે 7મીએ આરબીઆઇ ઓછામાં ઓછા 25 બેસીસ પોઇન્ટનો વધારો કરશે, તેમ નિષ્ણાતોનો મત છે.

બીએસઇ સેન્સેક્સ 472.77 પોઇન્ટ એટલે કે 0.66 ટકા વધીને 72382.47 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73631 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71840 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 133.80 પોઇન્ટ એટલે કે 0.60 ટકા વધીને 22550 પોઇન્ટની સપાટી કુદાવીને 22555.75 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22621 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22397 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 263.35 પોઇન્ટ એટલે કે 0.48 ટકા વધીને 54714.10 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જીએસપીએલ ટ્રાન્સમીશનમાં 26.87 ગણા, પરસીસ્ટન્ટ સીસ્ટમમાં 8.22 ગણા, આઇટીસી લિ.માં 6.25 ગણા, ફેશન ઇ કોમર્સ-નાયકામાં 6.13 ગણા અને યુનો મિન્ડામાં 5.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે શીપીંગ કોર્પોરેશનમાં 14.7 ગણા, નુવામા વેલ્થમાં 8.83 ગણા, ભારતી હેક્ષાકોમમાં 5.92 ગણા, એલજી ઇલે.માં 4.29 ગણા અને એવન્યુ સુપરમાર્કેટમાં 4.23 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.38 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.31 ટકા સુધારો જોવાયો હતો.જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો છે. બીએસઇ ખાતે 2364 શેરો વધ્યા હતા, જ્યારે 2129 શેરો ઘટ્યા હતા અને 270 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ 1.80 ટકા વધ્યો હતો. જે છેલ્લા ચાર ટ્રેડિંગથી સતત ઘટતો જોવા મળ્યો હતો. જેમાં આઇટીસી, વરૂણ બેવરેજીસ, યુનાઇટેડ સ્પીરીટસ, કોલગેટ-પામોલીવ, ગોડફ્રે ફિલિપ્સ, રેડિકો ખૈતાન, મેરિકો, ડાબર ઇન્ડિયા અને એચયુએલ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટાભાગના યુરોપિયન બજારો ઘટયા હતા, જેમાં સરકારી બોન્ડ યીલ્ડમાં વધારો થયો હતો, એનર્જીના ભાવો અને યુરોપિયના ભાગોમાં નાણાકીય પરિસ્થિતિ અંગેની ચિંતાઓએ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મુક્યો હતો. એશિયન બજારો સુધારા સાથે બંધ રહ્યા હતા, તેમ છતાં ક્રુડના ઉંચા ભાવ અને યુએસ ટ્રેઝરીની ઉંચી યીલ્ડ વચ્ચે રોકાણકારોનું સેન્ટિમેન્ટથી સાવચેત રહ્યા હતા. આજે ચીન અને દક્ષિણ કોરિયાના બજારો બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં કેક 0.96 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એફટીએસઇ 0.39 ટકા અને ડેક્સ 0.31 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

એશિયન બજારોમાં નીક્કી 2.34 ટકા, સ્ટ્રેઇટસ 0.52 ટકા, હેંગસેંગ 0.28 ટકા, તાઇવાન 2.49 ટકા જકાર્જાતા 1.34 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સાંકડી વધઘટ રહી

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે સાંકડી વધઘટે નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો બે પૈસા સુધરીને 96.29ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.19, પાઉન્ડ 126.69, કેનેડિયન ડોલર 67.33, ઓસ્ટ્રેલિયન ડોલર 67.40, જાપાનીઝ યેન 0.6084 અને સીંગાપોર ડોલર 75.22ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	96.29 રૂ.
યુરો	108.19 રૂ.
પાઉન્ડ	126.64 રૂ.
યેન	0.6063 રૂ.

સેન્સેક્સ	472.77	72382.47
નિફ્ટી	133.80	22555.75
બેન્ક નિફ્ટી	263.35	54714.10

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	5.08	268.90
ટીએમપીવી	3.31	288.65
શ્રીરામ ફાઇનાન્સ	2.79	971.40
બજાજ ફાઇનાન્સ	2.29	970.00
ભારતી એરટેલ	2.23	1779.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેક્નો	3.31	1201.90
મેક્સ હેલ્થકેર	2.55	917.00
એચડીએફસી બેન્ક	2.27	704.80
અપોલો હોસ્પિટલ	1.83	7985.00
એશિયન પેઇન્ટસ	1.70	2366.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	4.49	268.55
ઇટર્નલ	2.50	321.35
ભારતી એરટેલ	2.38	1782.50
બજાજ ફાઇનાન્સ	2.28	971.00
એશિયન પેઇન્ટસ	2.13	1775.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેક્નો	3.69	1200.00
એચડીએફસી બેન્ક	1.99	705.00
સન ફાર્મા	1.55	1782.00
ઇન્ફોસીસ	1.50	1019.50
એશિયન પેઇન્ટસ	1.43	2371.85

સ્માર્ટ ફોનનો વિવેકહીન ઉપયોગ નોમોફોબિયા નામની બીમારી પેદા કરે છે

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

શું તમે તમારા મોબાઇલ ફોનથી દૂર જતાંની સાથે જ ચિંતા શરૂ થાય છે? શું તમારા ફોનમાં ચાર્જ ન હોવો કે નેટવર્ક ન હોવું તમને પરેશાન કરે છે? જો તમારી સાથે અથવા બીજા કોઇ સાથે આવું થાય છે, તો તમારે સાવધાન રહેવાની જરૂર છે. NCBI અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા અભ્યાસો દર્શાવે છે કે જ્યારે તમારી પાસે સ્માર્ટફોન કે મોબાઇલ ફોન ન હોય ત્યારે ચિંતા કે બેચેનીની લાગણીને તબીબી રીતે નોમોફોબિયા કહેવામાં આવે છે. આ સમસ્યા આજકાલ ઝડપથી વધી રહી છે અને યુવાનોમાં વધુ પ્રચલિત છે. નોમોફોબિયા ડિપ્રેશન, ચિંતા, તણાવ અને શારીરિક સમસ્યાઓ જેવી માનસિક સમસ્યાઓ તરફ દોરી શકે છે.

ડોકટરોના મતે નોમોફોબિયા એટલે ફોનથી દૂર રહેવાની અસમર્થતા. આ સમસ્યા સામાન્ય રીતે ધીમે ધીમે શરૂ થાય છે, અચાનક નહીં. સ્માર્ટફોન, સોશ્યલ મીડિયા સૂચનાઓ, ઇન્સ્ટન્ટ મેસેજિંગ, ગેમિંગ અને અનંત ઓનલાઇન સામગ્રીની સતત ઉપલબ્ધતા લોકોને તેમના ફોનનો વારંવાર ઉપયોગ કરવા તરફ દોરી જાય છે. સમય જતાં લોકો ફક્ત વ્યાવહારિક હેતુઓ માટે જ નહીં પરંતુ આત્મસંતોષ માટે પણ તેમના મોબાઇલ ફોન પર વધુ પડતાં નિર્ભર બને છે.

નોમોફોબિયામાં વધારો થવા પાછળ ઘણાં કારણો છે, જેમાં સામેલ છે:

(૧) સોશ્યલ મીડિયા અને મેસેજિંગ પ્લેટફોર્મનો વધુ પડતો ઉપયોગ.

(૨) સમાચાર, અપડેટ્સ અથવા સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ ચૂકી જવાનો ડર.

(૩) કામ કે અભ્યાસનું દબાણ જેના માટે તમારે ડિજિટલી કનેક્ટેડ રહેવું જરૂરી છે.

(૪) એકલતા, તણાવ, ચિંતા અથવા કંટાળો, જે ફોન દ્વારા દૂર કરી શકાય છે.

(૫) કોઇ પણ ચેતવણી વિના પણ વારંવાર સૂચનાઓ તપાસવાની આદત.

જેમ જેમ આ નિર્ભરતા વધતી જાય છે, તેમ તેમ થોડા સમય માટે પણ ફોન ન રાખવાથી બેચેની કે ચિંતા થઇ શકે છે. નોમોફોબિયાનાં પ્રારંભિક ચિહ્નોને સમજવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ લક્ષણો પર ધ્યાન આપો, જેમ કે: ફોનની બેટરી ઓછી હોય અથવા નેટવર્ક કવરેજ ન હોય ત્યારે બેચેની અથવા ચીડિયાપણું અનુભવવું. કોઇ પણ સૂચના વગર વારંવાર ફોન ચેક કરવો. સૂતી વખતે પણ ફોન હંમેશા નજીકમાં રાખવો. ફોન ખોવાઇ જાય ત્યારે બેચેની અનુભવવી. વારંવાર ફોન ચેક કરવાને કારણે કામ, અભ્યાસ અથવા વાતચીતમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી. ફોન પર ઘણા કલાકો વિતાવવાથી જવાબદારીઓ નિભાવવામાં અવરોધ. મોડી રાત્રે સ્ક્રીનના ઉપયોગને કારણે ઊંઘમાં ખલેલ અનુભવવી. સામસામે થતી વાતચીત અને સામાજિક પ્રવૃત્તિઓમાં ધ્યાનનો અભાવ. જો આવી પરિસ્થિતિ ચાલુ રહે અને વ્યક્તિગત અથવા વ્યાવસાયિક જીવનમાં દખલ કરવાનું શરૂ કરે, તો તે સ્માર્ટફોન પર વધુ પડતી નિર્ભરતાની નિશાની હોઇ શકે છે.

સ્માર્ટફોન મગજની રિવોર્ડ સિસ્ટમને સક્રિય કરે છે. દરેક સૂચના, સંદેશ, લાઇક અથવા સોશ્યલ મીડિયા ક્રિયાપ્રતિક્રિયા ડોપામાઇન નામના હોર્મોનના નાના પ્રકાશનને ઉત્તેજિત કરે છે, જે આનંદ અને રિવોર્ડની લાગણીઓ સાથે સંકળાયેલ ન્યુરોટ્રાન્સમીટર છે. આ એક ચક્ર બનાવે છે જે મગજને વારંવાર ફોન માટે ઝંખના કરાવે છે. સ્માર્ટફોન આધુનિક જીવનનાં ઘણાં પાસાંઓનો અભિન્ન ભાગ છે. લોકો નેવિગેશન, ચુકવણી, સંદેશાવ્યવહાર, મનોરંજન, ફિટનેસ ટ્રેકિંગ અને કામ માટે તેમના પર આધાર રાખે છે. આ બહુવિધ ઉપયોગો તેમનાથી દૂર રહેવાનું મુશ્કેલ બનાવે છે. ઘણાં લોકો મહત્ત્વપૂર્ણ માહિતી ગુમાવવાનો, સામાજિક જોડાણો ગુમાવવાનો અથવા એકલતા અનુભવવાનો ડર રાખે છે. તણાવ અથવા ભાવનાત્મક તકલીફના સમયમાં ફોન ઘણી વાર આરામનો સ્રોત બની જાય છે, જે મોબાઇલ ફોનની પરાધીનતાને વધુ વેગ આપે છે.

આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન આપણા જીવનનો એક અભિન્ન ભાગ બની ગયા છે. પરિણામે લોકો મહત્ત્વપૂર્ણ સૂચનાઓ, વોટ્સએપના સંદેશાઓ, આરોગ્યની ટિપ્સ અને મહત્ત્વપૂર્ણ સોશ્યલ મીડિયાના સ્ક્રીનશોટ ઝડપથી લઇ લે છે. ધીમે ધીમે આ આદત એટલી પ્રચલિત થઇ ગઇ છે કે આપણા ફોનની ગેલેરીમાં સેંકડો કે હજારો સ્ક્રીનશોટ એકઠા થઇ જાય છે. શું દરેક માહિતીને આપણા ફોનમાં સાચવવાથી આપણા મગજની તેને યાદ રહેવાની શક્યતા ઓછી થઇ જાય છે? તાજેતરના સંશોધનમાં સ્ક્રીનશોટ લેવા અને મેમરી વચ્ચેના સંભવિત સંબંધ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ અભ્યાસ એ પ્રશ્ન ઉઠાવે છે કે શું ડિજિટલ સ્ટોરેજ પર વધુ પડતી નિર્ભરતા આપણી યાદશક્તિને અસર કરી શકે છે? પહેલાં લોકો ડાયરીમાં મહત્ત્વપૂર્ણ બાબતો લખતાં હતાં અથવા તેમને યાદ રાખવાનો પ્રયાસ કરતાં હતાં. હવે સંદેશાઓ, રેસીપી, ડોક્ટરની સલાહ, ઓનલાઇન ઓફર, મુસાફરીની માહિતી અથવા સોશ્યલ મીડિયાની મનગમતી પોસ્ટ સાચવવા માટે લોકો ફક્ત સ્ક્રીનશોટ લેતા થઇ ગયા છે. કોઇ વસ્તુ સાચવવી એ સ્વાભાવિક રીતે ખોટું નથી પણ સમસ્યા ત્યારે ઊભી થઇ શકે છે, જ્યારે કોઇ વ્યક્તિ વાંચ્યા, સમજ્યા કે યાદ રાખવાનો પ્રયાસ કર્યા વિના દરેક માહિતી પોતાના ફોનમાં સાચવી રાખે છે.

રિસર્ચગેટ નામની સંસ્થાના સંશોધન મુજબ ધ્યાન આપવું, માહિતી સમજવી, તેનું અર્થઘટન કરવું અને પછીથી તેનું પુનરાવર્તન કરવું એ માનવમગજમાં યાદશક્તિના નિર્માણ માટેની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાઓ છે. જ્યારે આપણે કંઇક ધ્યાનથી વાંચીએ છીએ અને તેને આપણા પોતાના મગજમાં સમજવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે આપણને તે યાદ રહેવાની શક્યતા વધુ હોય છે. તેનાથી વિપરીત, જો આપણું ફક્ત ધ્યાન આને પછી માટે સાચવવા પર હોય, તો આપણે તે માહિતીને ઊંડાણપૂર્વક સમજવા માટે ઓછા માનસિક પ્રયત્નો કરી શકીએ છીએ. મનોવિજ્ઞાનમાં આ પ્રક્રિયાને જ્ઞાનાત્મક ઓફલોડિંગ કહેવામાં આવે છે. તેનો અર્થ એ છે કે માનસિક કાર્યનો માહિતી યાદ રાખવી જેવો અમુક ભાગ બાહ્ય સંસાધનોની મદદથી પૂર્ણ કરવામાં આવે છે. મગજની જે શક્તિનો ઉપયોગ ન કરવામાં આવે તે ક્રમશઃ ઘસાતી જાય છે અને નાશ પામે છે.

માનવની યાદશક્તિ કે જૈવિક મેમરી એ મનુષ્યના મગજની અનુભવો, હકીકતો, લાગણીઓ અને ઘટનાઓને શીખવાની, સંગ્રહિત કરવાની અને જરૂર પડ્યે ફરીથી યાદ કરવાની ક્ષમતા છે. તેમાં ધ્યાન, શિક્ષણ, અર્થઘટન અને યાદોને ફરીથી સક્રિય કરવા જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. ડિજિટલ મેમરી એ જૈવિક મેમરી નથી. તે ફોન, કમ્પ્યુટર અથવા કલાઉડમાં ફાઇલો, ફોટા અને માહિતી સંગ્રહિત કરવા માટેની એક સિસ્ટમ છે. જરૂર પડ્યે તેને એક્સેસ કરી શકાય છે, પરંતુ મોબાઇલ કે લેપટોપ જેવાં ઉપકરણ પર માહિતી સંગ્રહિત થવાથી ખાતરી નથી મળતી કે વ્યક્તિ માહિતી પોતાના મગજમાં પણ જાળવી રાખશે. વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં સાત જુદા જુદા પ્રયોગો કરવામાં આવ્યા હતા. આ પ્રયોગોમાં મોબાઇલના સ્ક્રીનશોટ લેવાની સરખામણી ફક્ત છબીઓ જોવા સાથે કરવામાં આવી હતી. સંશોધકોએ શોધી કાઢ્યું કે મોબાઇલમાં સ્ક્રીનશોટ લેવાથી છબીઓ યાદ રાખવાની ક્ષમતામાં સ્પષ્ટ ઘટાડો થયો છે.

મોબાઇલમાં મનગમતી કે ઉપયોગી વસ્તુના સ્ક્રીનશોટ લેવા એ પોતે ખરાબ આદત નથી. મહત્ત્વપૂર્ણ માહિતી, દસ્તાવેજો અને વ્યક્તિગત સંદર્ભોને સાચવવાનો આ એક અનુકૂળ રસ્તો છે. જો લાંબા ગાળાની મેમરી આવશ્યક હોય, તો ફક્ત સ્ક્રીનશોટ લેવાનું પૂરતું ન પણ હોય. શ્રેષ્ઠ અભિગમ એ છે કે તમારા મોબાઇલ ફોનનો ઉપયોગ મેમરી સહાયક તરીકે કરો, યાદ રાખવાની શક્તિના સંપૂર્ણ વિકલ્પ તરીકે કરો નહીં. મોબાઇલમાં મહત્ત્વપૂર્ણ માહિતી જરૂર સાચવો પણ તે મહત્ત્વપૂર્ણ માહિતીને સમજવા, સુધારવા અને જાળવી રાખવાનો પ્રયાસ પણ કર્યા કરો. ટેકનોલોજીએ આપણા જીવનમાં સ્વાસ્થ્ય અને સુખાકારીને વધારવા જોઇએ, તેનો નાશ ન કરવો જોઇએ. સ્માર્ટફોનનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીને અને વાસ્તવિક જીવનના સંબંધો, શારીરિક પ્રવૃત્તિ અને માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને, આપણે ડિજિટલ ટેકનોલોજીના ફાયદાઓનો આનંદ માણી શકીએ છીએ અને વધુ સારી જીવનશૈલી પણ જીવી શકીએ છીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સ્માર્ટફોનનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીને આપણે ડિજિટલ ટેકનોલોજીના ફાયદાઓનો આનંદ માણી શકીએ છીએ અને વધુ સારી જીવનશૈલી પણ જીવી શકીએ છીએ

નાયકાના શાનદાર Q2 અપડેટથી શેરમાં 5%નો ઉછાળો

આવકમાં 27-29% વૃદ્ધિનો અંદાજ; સ્ટોર્સની સંખ્યા વધીને 338 થઇ

મુંબઇ, તા. 5: બ્યુટી અને ફેશન બ્રાન્ડ નાયકાના માલિક એફએસએન ઇ-કોમર્સ વેન્ચર્સે સપ્ટેમ્બર કવાર્ટર માટે બિઝનેસ પર અપડેટ બહાર પાડ્યું છે. કંપનીને અપેક્ષા છે કે નાણાકીય વર્ષ 2027ના બીજા કવાર્ટરમાં ચોખ્ખી આવક ગત વર્ષના સમાન કવાર્ટરની તુલનામાં લગભગ 27થી 29 ટકા વધશે. તે જ સમયે, કંપનીની જીએમવી વૃદ્ધિ પણ લગભગ 27થી 29 ટકા રહેવાની ધારણા છે. આ બિઝનેસ અપડેટના પગલે આજે નાયકાના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જે પાંચ ટકા વધ્યો હતો.

કંપનીના જણાવ્યા અનુસાર નેટ સેલ્સ વેલ્યુ એટલે કે એનએસવીમાં લગભગ 31થી 33 ટકાનો વધારો થઇ શકે છે. બ્યુટી અને ફેશન બંનેના વ્યવસાયોમાં સારી વૃદ્ધિ જોવા મળી છે. ફેશન બિઝનેસનું વધતુ કદ અને બ્યુટી બિઝનેસની સતત વૃદ્ધિ મદદ કરી રહી છે.

નાણાકીય વર્ષ 2027ના બીજા કવાર્ટરમાં એનએસવી અને બ્યુટી વ્યવસાયની ચોખ્ખી આવકમાં લગભગ 27થી 29 ટકાનો વધારો થવાનો અંદાજ છે. નવા ગ્રાહકોના ઉમેરા અને જુના ગ્રાહકોની પુનઃ ખરીદી દ્વારા વ્યવસાયને ટેકો મળ્યો છે. કંપનીએ સપ્ટેમ્બર કવાર્ટરમાં 14 નવા સ્ટોર્સ ઉમેર્યા હતા. આ સાથે 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં નાયકા સ્ટોર્સની કુલ સંખ્યા વધીને 338 થઇ ગઇ છે. સેમ સ્ટોરના વેચાણમાં લગભગ 21થી 23 ટકા વધારો થયો છે. છેલ્લા છ કવાર્ટરમાં આ સૌથી વધુ છે. ફેશન બિઝનેસ નાયકાના વિકાસમાં મોખરે હતો. એનએસવીમાં બિઝનેસમાં લગભગ 47થી 49 ટકા અને ચોખ્ખી આવકમાં લગભગ 41થી 43 ટકાનો વધારો થવાની ધારણા છે. કવાર્ટર દરમ્યાન 250થી વધુ નવી બ્રાન્ડસ ઉમેરવામાં આવી હતી.

નાયકાએ જણાવ્યું હતું કે, આ વર્ષે તહેવારોની મોસમનો મોટો ભાગ ઓકટોબર-ડિસેમ્બર કવાર્ટરમાં આવશે. તેથી તહેવારોની મોસમ સાથે સંકળાયેલી કેટલીક વૃદ્ધિ સપ્ટેમ્બર કવાર્ટરને બદલે ડિસેમ્બર કવાર્ટરમાં દેખાશે. કંપનીએ કહ્યું હતું કે, તેને બિઝનેસના વર્તમાન ગ્રોથ અને લાંબા ગાળાના લક્ષ્યો પર વિશ્વાસ છે. નાયકાનો શેર છેલ્લા છ મહિનામા 28.50 ટકા વધારો થયો છે. જોકે, છેલ્લા 5 વર્ષમાં તેણે 17.44 ટકાનું નેગેટિવ રિટર્ન આપ્યું છે. કંપનીનું માર્કેટ કેપ 93.44 હજાર કરોડ રૂપિયા છે.

ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોના ભાવમાં 5થી 8 ટકાનો વધારો

ઊંચા ભાવ છતાં તહેવારોની મોસમમાં વેચાણનો પારો ઊંચો રહેવાનો દાવો; 2030 સુધીમાં માર્કેટ રૂ. 3-3.25 લાખ કરોડ થવાનો અંદાજ

મુંબઇ,તા. 5

દિવાળીની મોસમ પહેલા એર-કંડિશનર અને અન્ય ગ્રાહક ઉપકરણો 5-8 ટકા મોંઘા થઇ ગયા છે, પરંતુ ઉત્પાદકો હજુ પણ તહેવારોની માંગમાં મજબૂત રહેવાની અપેક્ષા રાખી રહ્યા છે કારણ કે ગ્રાહકો પ્રીમિયમ ઉત્પાદનો પસંદ કરે છે, જૂના ઉપકરણોને બદલે છે અને સરળ ધિરાણનો લાભ લે છે.

ભાવમાં જોવાયેલો આ વધારો આ વર્ષે વધારાનો ત્રીજો રાઉન્ડ છે, જેમાં ઉત્પાદકો તાંબુ, એલ્યુમિનિયમ, સ્ટીલ અને ક્રૂડ ડેરિવેટિઝના ઉંચા ખર્ચ, વધતા નૂર ખર્ચ અને ચલણના વધઘટને કારણે ખર્ચમાં વધારો કરી રહ્યા છે.

કિંમતોમાં ફેરફાર થાય તે પહેલાં ડીલરો દ્વારા ખરીદવામાં આવેલી પ્રોડક્ટ્સ દિવાળી સુધી ઉપલબ્ધ રહી શકે છે, જ્યારે નવી કિંમતોની મોટી અસર તહેવારોની સીઝન પછી જોવા મળે તેવી શક્યતા છે.

ઓણમથી લઇને દશેરા અને દિવાળી સુધીના તહેવારોના ગાળામાં સામાન્ય રીતે વાર્ષિક એપ્લાયન્સ વેચાણનો 30-40% હિસ્સો નોંધાય છે. BCG-CIIના અહેવાલ મુજબ, ભારતીય કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ માર્કેટમાં વાર્ષિક 8-10% વૃદ્ધિ થવાની અને 2030 સુધીમાં તે રૂ. 3-3.25 લાખ કરોડ સુધી પહોંચવાની ધારણા છે.

એઆઈની આંધળી દોડમાં મોટું જોખમ: OpenAIના એક્સપર્ટનું રાજીનામું

એઆઇ માટે પરમાણુ પ્લાન્ટ જેવી સુરક્ષા જરૂરી છે: ડેવિડ રોબિન્સ

નવી દિલ્હી, તા. 5: ચેટજીપીટી બનાવનાર કંપની ઓપનએઆઇના સલામતી નિષ્ણાત ડેવિડ રોબિન્સને રાજીનામું આપ્યું છે, ચેતવણી આપી છે કે મોટી તકનીકી કંપનીઓ નવી એઆઇ બનાવવાની રેસમાં ખુબ દોડી રહી છે અને તેની સાથે સંકળાયેલા મોટા જોખમોને અવગણી રહી છે.

રોબિન્સને અમેરિકાના ધ એટલાન્ટિક મેગેઝિનમાં એક લેખમાં લખ્યું છે કે, એઆઇ કંપનીઓ સામાન્ય લોકોની સલામતી સાથે રમી રહી છે. એઆઇએ તેને સામાન્ય સોફ્ટવેરની જેમ નહીં, પરંતુ પરમાણુ પાવર પ્લાન્ટની જેમ હેન્ડલ કરવું જોઇએ.

જે રીતે ન્યુકલીયર પાવર પ્લાન્ટમાં સલામતીની ઘણી બધી વ્યવસ્થા હોય છે અને બધુ ખુબ જ વિચારપુર્વક અને ધીમે ધીમે કરવામાં આવે છે, જેથી મનુષ્યની એક પણ ભૂલથી કોઇ મોટી આફત ન થાય, તેવી જ રીતે એઆઇ માટે પણ નિયમો બનાવવા જોઇએ.

મોબાઈલ ટેરિફ પ્લાનમાં 15% સુધીના વધારાની તૈયારી

બજાર અનુકૂળ થતાં કંપનીઓ ભાવ વધારશે

નવી દિલ્હી, તા. 5: ભારતમાં મોબાઇલ રિચાર્જ અને અન્ય ટેલિકોમ સેવાઓ ફરી એકવાર મોંઘી થઇ શકે છે. એક રિપોર્ટ અનુસાર દેશની મોટી ટેલિકોમ કંપનીઓ આગામી 4થી 5 મહિનામાં મોબાઇલ ટેરિફમાં લગભગ 12થી 15 ટકાનો વધારો કરી શકે છે. જો આવું થાય છે તો મોબાઇલ યુઝર્સના માસિક રિચાર્જનો ખર્ચ ફરી એકવાર વધી શકે છે.

સેન્ટ્રમ ઇન્સ્ટીટ્યુશનલ રિસર્ચના રિપોર્ટ મુજબ ટેલિકોમ માર્કેટમાં હવે થોડી મોટી કંપનીઓ જ સક્રિય છે. આવી સ્થિતિમાં કંપનીઓ વચ્ચે કિંમતો પર દબાણ પહેલા કરતા ઓછું થઇ ગયું છે. રિપોર્ટમાં માનવામાં આવ્યું છે કે ટેરિફ વધારવા માટે બજારની હાલની સ્થિતિ વધુ અનુકુળ છે. આ કારણોસર આગામી કેટલાક મહિનામાં ટેલિકોમ સેવાઓમાં 12થી 15 ટકાનો વધારો થવાની ધારણા છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**				
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫	૭૫/૩૬ ’’	૧૫૦	-----	---
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫	૫૦/૩૬ ’’	૧૫૭	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૮/૩૬	૧૬૫.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	૧૦૦ ટેક્ષ	૧૬૧	૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫	૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૫૪૦
તેજાબી સોનું	૧૫૨૪૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૯૧૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૪૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૫૪૦૦
ચાંદી (૯૯૯)	૨૩૦૨૦૦
ચાંદી સિક્કા	૨૩૧૭૦૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

જુનુ સામાન
લેવામાં આવશે AC, ફ્રીઝ, વોશિંગ મશીન, 2 વ્હીલર, તથા અન્ય તમામ પ્રકારનું ઘર ઓફિસનું MO: 9316100413

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

જુના AC લેવામાં
આવશે ચાલુ કે બંધ હાલતમાં જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. MO. 9316100413

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ઓમશિવ ટ્રાવેલ્સ
નવરાત્રિ, 10 રાત્રે, અંબાજી, ચોટીલા, મોઢેરા, બહુચરાજી. દિવાળી, 10- નવેમ્બર (તિરૂપતી બાલાજી, રામેશ્વરમ, મલ્લીકાર્જુનેશ્વર, કન્યાકુમારી, મૈસુર) (સફેદરણ, ભુજ, માતાની મઢ, માંડવી) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

સાગર 9427113317
(ભાઈબીજ) ગોવા, મહાબળેશ્વર, (એરકન્ડિશન) સ્લીપીંગમાં રાજસ્થાન, જેસલમેર ટેન્ટમાં,

વ્યવસાયીક આરોગ્ય વિષયક

વજન ઘટાડો કે
વધારો- હવે મેળવો યોગ્ય માર્ગદર્શન વેલનેસ કોચ દ્વારા ફ્રી એક્સરસાઈઝ પણ મળશે. મો. 7859924460

મિલ્કત વેચવાની છે

ઘર વેચવાનું છે
સરગમ શોપીંગ સેન્ટરની પાછળ, પારલે પોઈન્ટ સુરત- ૩૯૫૦૦૭ M.no:- 9374450162, 6355364510 (348)

માઁ ખોડિયાર જ્યોતિષ
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

माँ चामुडा ज्योतीष
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo. 7862990838

ખેતી લાયક
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

2.15 વિઘા
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ Mo. 9687580001

અરજન્ટ
3 ફ્લેટ વેચવાના છે, 4000 સ્કેવરફીટ, એકદમ વ્યાજબી ભાવમાં, બીજા માળે, મીઠા પાણીની સગવડ 24 કલાક, કમ્પલીટ દસ્તાવેજી સંજોગવસાત વેચવાના છે 4 માળનું કોમર્શિયલ બિલ્ડીંગ રોડટચ વેચવાનું છે અથવા ભાડે આપવાનું છે. દલાલોએ તસ્દી લેવી વહેલા તે પહેલાના ધોરણે MO:- 9426152570 (349)

જોઈએ Plot,
Bunglow મોટા રોડ, પિપલોદ, વેસુ, સિટિલાઈટ, પાર્લે, ઘોડદોડ, અલથાણ, ભટાર 9227904488 (350)

નોકરી વિષયક

એકાઉન્ટન્ટ ની જરૂર
છે શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંચાલિત સુરત કન્યા છાત્રાલય, ઘોડદોડ રોડ માટે અનુભવી, એજ્યુકેટેડ, કોમ્પ્યુટર, એકાઉન્ટનું અને ટેલી સોફ્ટવેરનું નોલેજ ધરાવતી મહિલાની નિમણુક કરવાની છે. કામકાજ સમય 10 am to 6 pm. રસ ધરાવતી બહેનોએ સંપર્ક કરવો. 9327380600, 9374519723

અનુભવી ટેમ્પો ડ્રાઈવર
જોઈએ છે. લાઈસન્સ ધરાવનાર (હજીરા કંપનીમાં ડિલિવરી કરવા માટે પિકઅપ) 9909513636

જોઈએ છે
વાયરમેન હેલ્પર સ્ટ્રીટલાઈટ ના કામ માટે- 88667-76277

જોઈએ છે
ડીપ્લોમા / બીઈ ઈલેક્ટ્રીકલ લેડીઝ જેન્ટસ ફ્રેશ અનુભવ- ૯૮૨૪૧૧૨૬૬૩

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.